# ગોટાળો @ ગાંધીનગર.કોમ

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દેશની પ્રથમ પ્રમાણિત હોસ્પિટલ છે, કારણ કે...

ગાંધીનગરના નાગરિક થવા પર તમને ગર્વ થાય તેવી વાત છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દેશની પ્રથમ એનએબીએચ (નેશનલ એક્રેડીશન બોર્ડ ઓફ હોસ્પિટલ એન્ડ હેલ્થકેર પ્રોવાઈડર્સ) પ્રમાણિત હોસ્પિટલ છે. સમગ્ર દેશની બધી સરકારી હોસ્પિટલોમાં પ્રથમ કક્ષાની હોસ્પિટલમાં ગાંધીનગરની ગણતરી થાય તો નવાઈ તમને પણ લાગે અને ગંભીરને પણ... પરંતુ શહેરની સિવિલમાં એવું તો શું છે કે તે દેશની મોખરાની સરકારી હોસ્પિટલ બની ગઈ ? ગંભીર પાસે એનો જવાબો છે...

સ્ટાફ : ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પૂરતો સ્ટાફ જ નથી. ડોક્ટર, નર્સ, વોર્ડ બોય કે સફાઈ કામદાર... દરેક પ્રકારના સ્ટાફની અહીં ઘટ છે. અધુરામાં પુરૂ કે ગાંધીનગર સિવિલમાં કોઈ સ્પેશિયાલીસ્ટ ડોક્ટરો પણ નથી. જેટલા છે એટલા દર્દીઓની સરખામણીમાં ના બરાબર છે.

દવાઓ : ગાંધીનગર જિલ્લો અને શહેર થઈને ૧૩ લાખની વસતી છે. તેમાંથી હજારો લોકો તેમના દર્દ મટાડવા અને દવા લેવા સિવિલ હોસ્પિટલ ખાતે આવતા હોય છે. પરંતુ આપણી સિવિલમાં જરૂરી દવાઓનો સ્ટોક હોતો જ નથી. મહિનામાં ઘણા દિવસો એવા હોય છે જ્યારે ઓ.પી.ડી. દવાઓની અછત બીચારા ફાર્માસિસ્ટના ચહેરા પર વર્તાઈ જાય છે. ગરીબ દર્દીઓને રૂપિયા ખર્ચી બહારથી દવા લેવાની ફરજ પડે છે.

**પ્રાથમિક સુવિધા :** શહેરની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને અને તેમના સગાઓને મળવી જોઈતી પ્રાથમિક સુવિધાઓનો સદંતર અભાવ છે. ક્યારેક પાણીનો સ્ટોક ના હોય તો ક્યારેક લીફટના ધાંધીયા... બેસવા માટે ખુરશી ના મળે તો ક્યારેક દર્દીને સ્ટેચર માટે ફાંફા મારવા પડે. આવી તો ઘણી સુવિધાઓ એવી છે જે સિવિલમાં જોવા જ મળતી નથી.

**ટ્રાન્સફર ટુ અમદાવાદ :** ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગંભીર બીમારીથી પીડાતા, ગમખ્વાર અકસ્માત વાળા, ૫૦ ટકાથી વધુ બળી ગયેલા જેવા સંવેદનશીલ કેસોને અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવે છે. દેશની પ્રથમ પ્રમાણિત હોસ્પિટલમાં એવા ડૉક્ટર કે સાધનો નથી કે, જે દર્દીને અણીના સમયે સાચવી શકે.

**એક જ રેડિયોલોજીસ્ટ :** રાજ્યના પાટનગરની સિવિલ હોસ્પિટલમાં એક જ રેડિયોલોજીસ્ટ છે. જ્યારે જ્યારે આ ડૉક્ટર મહાશય રજા પર હોય ત્યારે ત્યારે સિટિસ્કેન અને સોનોગ્રાફી યુનીટને પણ તાળા

● અનુસંધાન પાન-૭ પર

**પ્રવેશ જાહેરાત**

**ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર**
C/o. એસેલ કોમ્પ્યુટર
(ભારત સરકાર / ગુજરાત સરકાર માન્ય આઈ.ટી.આઈ.)
● હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર ● કોપા ● ડેટા એન્ટ્રી ઓપરેટર
● મલ્ટીમીડીયા ટેકનોલોજી ● કોમ્પ્યુટર ટીચર ટ્રેનીંગ કોર્ષ
ધો.૧૦/ધો.૧૨ પાસ ભાઈઓ/બહેનોએ પ્રવેશ માટે રૂબરૂ મળવું.

**ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર**
C/o. એસેલ કોમ્પ્યુટર


| ગાંધીનગર | કલોલ | ચાંદખેડા |
|---|---|---|
| ૪૪૧, ત્રીજે માળ નાણાવટી કલાસની ઉપર, સે.૧૬. મો. ૯૩૭૭૧૫૦૩૭૪ | કપીલેશ્વર કોમ્પલેક્ષ મામલતદાર કચેરી સામે, કવિતા સર્કલ. મો. ૯૨૨૭૧૫૦૩૭૪ | સ્નેહ પ્લાઝા સ્ટેટ બેંકની ઉપર, IOC રોડ, મો. ૯૨૨૭૧૫૦૩૭૪ |

# વિધાનસભાની ૧૮૨ બેઠકોમાં ભાજપનો ત્રણ કેટેગરીમાં સર્વે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં ભાજપને કેટલી બેઠકો મળી શકે તેમ છે, કેટલી બેઠકોમાં મહેનત કરવાની છે અને સમયગાળામાં ગુજરાતના વિકાસના કેટલા કામો થયાં, આ શાસનથી





## ભાજપના ચૂંટણી ઢંઢેરામાં પ્રજાના પ્રશ્નોની છાંટ હશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૧૦

વિધાનસભાની ચૂંટણી પહેલાં તૈયાર થતાં ચૂંટણી ઢંઢેરામાં ભાજપ તેના નિર્ણયો કે જાહેરાતો ઠોકી બેસાડવા માગતી નથી, લોકો અને મતદારોના પ્રશ્નો, સૂચનો અને પ્રતિભાવોને સ્થાન અપાશે.

રાજ્ય મંત્રીમંડળની પેટા સમિતિને આ કામગીરી સોંપવામાં આવી છે. રાજ્યના મંત્રીઓ પ્રજા વચ્ચે જઈને માહિતી એકત્ર કરશે. લોકોને સરકારનું ક્યું કામ સારૂં લાગ્યું છે. સરકારની કઈ બાબત લોકોને ગમી નથી. લોકોની વિકાસ માટે અપેક્ષા શું છે. સરકારથી સંતોષ છે કે કેમ અને નથી તો ક્યા કારણથી નથી તેવા પ્રશ્નોના જવાબો મંત્રીઓએ તૈયાર કરવા પડશે.

લોકના અભિપ્રાયના આધારે ભાજપનો આગામી ચૂંટણી ઢંઢેરો તૈયાર થશે જેમાં આ સમિતિનો રિપોર્ટ અતિ મહત્વ ધરાવે છે.

**પ્રજાની આકાંક્ષા શું છે, રાજ્યમાં વિકાસના કેવા કામોની જરૂર છે તે અંગે એજન્ડા તૈયાર કરાશે**

## ભાજપ માટે ૪૮ બેઠકો નિશ્ચિત, બી-કેટેગરીમાં મહેતન કરવી પડશે અને સી-કેટેગરીમાં જીતવાની રણનિતી બનાવવાની રહેશે

હારમાં જતી કેટલી બેઠકોમાં વ્યૂહરચના ગોઠવવી પડે તેમ છે તેવી માહિતી સાથેનો એક સર્વે શરૂ કરવામાં આવ્યો છે. એ, બી અને સી કેટેગરીમાં યોજાઈ રહેલા આ સર્વેક્ષણમાં હાલની રાજકીય સ્થિતિ, વિકાસના કામોની મતદારો ઉપર અસર, ભાજપ માટે કેટલા મતદારો કમિટેડ છે તેમજ લોકની અપેક્ષા શું છે તેવી જીવણટભરી બાબતોને આવરી લેવામાં આવી છે.

ગુજરાતમાં ૧૦ વર્ષથી નરેન્દ્ર મોદીનું શાસન છે. આ લોકોને સંતોષ છે કે કેમ, રાજ્યના વહીવટી તંત્ર તેમજ કાયદો-વ્યવસ્થા અંગે લોક પ્રતિભાવ કેવા છે તેનો રિપોર્ટ સર્વેમાં મૂકાયેલા નિરીક્ષકો આપશે. ખાસ કરીને ભાજપ માટે અત્યંત નબળી રહેલી બેઠકોમાં સર્વેના રિપોર્ટના આધારે સ્ટેટજી ગોઠવવામાં આવનાર છે.

આ સર્વેમાં ત્રણ કેટેગરી રાખવામાં આવી છે, પહેલી કેટેગરી એ-માં ભાજપ નિશ્ચિત જે બેઠકો જીતે છે તેનો સમાવેશ કરવામાં આવ્યો છે

● અનુસંધાન પાન-૭ પર

### મતદારયાદી સુધારણા ઝુંબેશના ખાસ અભિયાન દરમ્યાન

# ૩૦ બૂથ લેવલ ઑફિસર ગેરહાજર રહેતાં નોટીસ ફટકારવાનો તંત્રનો નિર્ણય

### શહેરી અને ગ્રામ વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં તંત્ર સફળ રહ્યું

ગાંધીનગર, તા. ૧૦

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ અંગે મતદારયાદીને આખરી ઓપ આપતાં પહેલાં ચાલી રહેલી મતદારયાદી સુધારણા ઝુંબેશમાં આજે ૩૦ જેટલા બુથ લેવલ ઓફિસરો ગેરહાજર જણાતાં જિલ્લાતંત્ર ચોંકી ઉઠ્યું છે અને આ ઓફિસરોને કારણદર્શક નોટીસ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મતદારયાદી સુધારણા અભિયાન અંતર્ગત આજે યોજાયેલ ખાસ ઝુંબેશ અભિયાનમાં બુથ લેવલ ઓફિસરોની ગેરહાજરી તેમજ ૨૦ જેટલા બુથો પર નિયત કરાયેલા સમય કરતાં પણ ઓફિસો મોડા પડતાં લોકોએ વહીવટીતંત્રની કચેરી પર ફોનની ઘંટડીઓ રણકારી હતી.

આજે આ અભિયાનમાં સવારના જ સમયે ફરિયાદોનો ધોધ વહેતાં જિલ્લા કલેકટર પ્રાંત અધિકારી તેમજ મામલતદાર સહિતના અધિકારીઓ વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

# કૈલાસ માનસરોવરની યાત્રા ખરેખર અલૌકિક છે

**નેપાળના કાઠમંડુથી ચાઈના બોર્ડર પાર કરી માનસરોવર પહોંચાય છે અને અહીંથી શરૂ થાય છે અત્યંત કઠિન કૈલાસ પર્વતની પરિક્રમા : ગાંધીનગરના અગ્રણી એડવોકેટ પી.પી. બિહોલાનો અલૌકિક શાંતિનો અનુભવ**

ગાંધીનગર, તા.૮

શિવભકતો માટે કૈલાસ માનસરોવરનું ખુબ મહત્વ છે. શિવજીના નિવાસસ્થાન ગણાતા આ સ્થળની મુલાકાત જીવનમાં એકવાર લેવાય તેવી મહેચ્છા દરેક શિવભકતો રાખે છે, ભાગ્યે જ મળતો આવો લ્હાવો અને તક ગાંધીનગરના સિનિયર એડવોકેટ અને અગ્રણી પી.પી. બિહોલાને મળ્યો છે. કૈલાસ માનસરોવરની પંદર દિવસની યાત્રા કરીને તાજેતરમાં જ પરત ફરેલા પી.પી. બિહોલા એક અલૌકિક શાંતિનો અનુભવ કરી રહ્યા છે.

કૈલાસ માનસરોવરની પવિત્ર યાત્રાના અનુભવો વર્ણવતા પી.પી. બિહોલા કહે છે કે હું શિવજીમાં ખુબ વિશ્વાસ ધરાવું છું. આથી કૈલાસ માનસરોવરની યાત્રા કરવાની મારી ઈચ્છા ખુબ પ્રબળ હતી. ઘણા વર્ષોથી અધુરી આ મહેચ્છા આ વર્ષે પૂર્ણ થઈ છે. શિવવંદના ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટના ૧૭૦ જેટલા સભ્યો સાથે હું ગત તા. ૨૧મી મે ના રોજ કૈલાસ



માનસરોવરની અદભૂત યાત્રાએ જવા નીકળ્યો હતો. અમારું ગ્રુપ અમદાવાદ એરપોર્ટથી સૌ પ્રથમ દિલ્હી પહોંચ્યું હતું. ત્યાંથી બાય એર કાઠમંડુ પહોંચ્યા હતા. કાઠમંડુથી જીપમાં ચાઈના બોર્ડર ઓળંગીને કૈલાસ માનસરોવરની યાત્રા શરૂ થાય છે. ન્યાયાલમ અને પ્રયાગ થઈ છેક પવિત્ર માનસરોવર સુધી જીપમાં જ પહોંચી શકાય તેવા માર્ગો ચીની સરકારે બનાવ્યા છે. માનસરોવર નીહાળીને જ સફરનો પુરેપુરો થાક ઉતરી જાય છે. અહીં સ્નાન કરી યજ્ઞનું આયોજન થાય છે તે પછી રાત્રિ રોકાણ અહીં જ કરી બીજા દિવસથી કૈલાસ પર્વતની પરિક્રમા શરૂ થાય છે. ત્રણ દિવસની આ પરિક્રમાના પ્રથમ દિવસે અષ્ટપદ પર્વત સુધી પહોંચાય છે. ૧૫ થી ૧૭ કિ.મી.નું આ અંતર પગપાળા કપાવા સમયે હરેક ક્ષણે ઈશ્વરનું સ્મરણ થાય તેવી તકલીફોનો સામનો કરવો પડે છે. બીજા દિવસની યાત્રા યમદ્વારથી શરૂ થાય છે. બીજા દિવસની પરિક્રમામાં કૈલાસના દર્શન ખુબ અલૌકિક હોય છે. જાણે નાગના શીશ નીચે શિવજી બેઠા હોય તેવું દૃશ્ય જોવા મળે છે. ૨૪ કિ.મી.ની બીજા દિવસની યાત્રા તો જો ઈશ્વરની મરજી હોય તો જ પૂર્ણ થઈ શકે છે. કારણ કે ૧૯,૫૦૦ મીટરની ઉંચાઈ પર સતત ઠંડો પવન ફુંકાય છે. હવા એટલી બધી પાતળી હોય છે કે માંડ માંડ પૂરતો શ્વાસ લેવાય છે. નેપાળી શેરપાઓ માર્ગદર્શન માટે સતત સાથે હોય છે. આખરે ત્રીજા દિવસે ૫૮ કિ.મી.ની પરિક્રમા અંગ્રેજી આઠના આકારમાં પૂર્ણ થાય છે. પી.પી. બિહોલા કહે છે કે કૈલાસની પરિક્રમા ખુબ કઠીન હોવાથી અમારા ગ્રુપમાંથી માત્ર ૫૬ જણા જ તેને પૂર્ણ કરી શકયા હતા. માનસરોવરમાં જે યજ્ઞ યોજાય છે તેમાં આવેલી દાનની રકમ શેરપાઓને વહેંચી દેવામાં આવે છે. ખરેખર અદભૂત આનંદ અને શાંતિ આપતી આ અલૌકિક યાત્રાનો લ્હાવો જીવનમાં એકવાર ચોકકસ લેવો જોઈએ.




**Stockiest List - Gandhinagar Dist. :**

**S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892**

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 |
| HET TRADERS | DABHODA | 81410 17688 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 |

| Customer Name | City | Mobile No. |
|---|---|---|
| MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| Company Markteing Staff : | | |
| Kartikey Vyas | | 98796 05116 |
| Kinshuk Dave | | 83475 57002 |

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com